# ઓખા મુકામે સી કેમ્પમાં અરિજય યુદ્ધજહાજની મુલાકાત લેતા ભાવેણાના સ્કાઉટ ગાઈડ બાળકો

ભાવનગર,તા.૬

ગુજરાત રાજ્ય સરકાર અને ગુજરાત રાજ્ય ભારત સ્કાઉટ ગાઈડ સંઘના સંયુક્ત ઉપક્રમે આયોજીત કોસ્ટલ એરીયા સી સ્કાઉટ ગાઈડ કેમ્પ તા. ૩૦ ડિસેમ્બર થી ૩ જાન્યુઆરી દરમિયાન સ્કાઉટ વિભાગનો યોજાઈ ગયો કેમ્પમાં ગુજરાત રાજ્યના ૧૪ જિલ્લાના ૧૫૦ સ્કાઉટ હાજર રહ્યા હતા કેમ્પના ઉદ્ઘાટન પ્રસંગે કોસ્ટગાર્ડના સિક્યુરિટી ઓફિસર હાજર રહ્યા હતા અને ગુજરાત રાજ્ય ભારત સંઘ દ્વારા આયોજિત આ કેમ્પને બિરદાવ્યો હતો.

કેમ્પના પાંચ દિવસ દરમિયાન વિદ્યાર્થીઓને કોસ્ટ ગાર્ડ દ્વારા યુદ્ધ જહાજ " અરિજય " ની મુલાકાત લીધી હતી અને તેની કાર્ય પ્રણાલીથી વાકેફ થયા હતા ત્રીજા દિવસે ઓવરક્રાફ્ટ ની મુલાકાત લીધી હતી અને તેના વિશેની માહિતી



મેળવી હોર ક્રાફ્ટને અંદરથી જોવાનો લાભ લીધો હતો વિદ્યાર્થીઓ નેવી અને કોસ્ટ ગાર્ડ વિશે માહિતી મેળવી બપોર પછી ફિશરિશ એક્વેરિયમ ની મુલાકાત લઈ દરિયાઈ જીવ સૃષ્ટિ દરિયાઈ વનસ્પતિ વિશે માહિતી મેળવી હતી ચોથા દિવસે નેવી હેડ કોટર્સની મુલાકાત લઈ દરિયાઈ સુરક્ષાની માહિતી મેળવી હતી તેમજ નેવીમાં ભરતી થવા માટે કયા પ્રકારનો અભ્યાસ અને કેવી રીતે એપ્લાય થવું તેની માહિતી નવી ઓફિસરે આપી હતી બપોર પછી લાઈટ હાઉસથી મુલાકાત લઈ દરિયા કિનારે લાઈટ હાઉસનું શું મહત્વ છે તેની જાણકારી મેળવી લાઈટ હાઉસમાં બ્લેક પટ્ટા રેડ પટ્ટા નું શું મહત્વ છે તેની પણ માહિતી સ્કાઉટ ગાઈડ ને આપવામાં આવી ગુજરાતના દરિયા કિનારા ના જિલ્લાઓને આ પ્રકારની તાલીમ આપી દરિયાઈ સુરક્ષાથી અવગત કરાવવામાં આવ્યા આ કેમ્પમાં ભાવનગર જિલ્લા ભારત સ્કાઉટ ગાઈડ સંઘ સાથે જોડાયેલી જુદી જુદી શાળાના પસંદગી પામેલ સ્કાઉટ આ કેમ્પમાં અજયભાઈ ભટ્ટના નેતૃત્વમાં ઓખા મુકામે ગયા હતા.

# શિશુવિહાર બુધસભાના કવિઓએ મેદાનમાં પણ કૌવત બતાવ્યું!

## એથ્લેટિક્સ સ્પર્ધામાં ૧૧ કવિઓએ ૨૭ મેડલ્સ પ્રાપ્ત કર્યા



ભાવનગર,તા.૭

ભાવનગર માસ્ટર્સ એથ્લેટિક્સ એસોસિએશન દ્વારા ભાવનગર શહેર અને જિલ્લાના ૩૦ થી ૯૦ વર્ષ સુધીના ખેલાડીઓ માટે કુદ, ફેક અને દોડની એથ્લેટિક્સ સ્પર્ધાનું આયોજન કરેલ જેમાં વિવિધ વય જૂથમાં ખૂબ મોટી સંખ્યામાં ખેલાડીઓએ ભાગ લીધો, જેમાં શિશુવિહાર બુધસભાના ૧૧ કવિ મિત્રોએ પણ ભાગ લીધો અને દરેક કવિ મિત્રોએ મેડલ્સ મેળવ્યા જે ઉલ્લેખનીય છે.

આ સ્પર્ધામાં જયંતભાઈ હુમ્બલ ૮૦+ એક ગોલ્ડ એક સિલ્વર એક બ્રોન્સ, દર્શનાબેન રાવલ ૬૫+ ત્રણ ગોલ્ડ, પરેશ ત્રિવેદી ૬૦+ એક બ્રોન્ઝ, જીજ્ઞાબેન ત્રિવેદી ૬૦+ બે સિલ્વર, હર્ષિતભાઈ પંડ્યા ૬૦+ એક સિલ્વર, બે ગોલ્ડ અને એક સિલ્વર, સુનિલભાઈ પરમાર ૬૦+ બે ગોલ્ડ એક બ્રોન્સ, હર્ષાબેન ચૌહાણ ૫૫+ બે ગોલ્ડ, એક બ્રોન્સ રેખાબેન ભટ્ટી ૫૦+ એક બ્રોન્સ, શમીમ ચૌહાણ ૫૦+એક ગોલ્ડ, બે સિલ્વર, ભરત વાળા એક સિલ્વર, એક બ્રોન્સ, માનસી ત્રિવેદી ૩૫+ એક ગોલ્ડ બે સિલ્વર એમ કુલ ૨૭ મેડલ્સ પ્રાપ્ત કર્યા હતા. શિશુવિહાર સંસ્થાના મંત્રી ડો.નાનકભાઈ ભટ્ટે તમામ ખેલાડી કવિ મિત્રોને અભિનંદન અને શુભકામનાઓ પાઠવી હતી.

# પ્રજા પિતા બ્રહ્મા બાબાની સ્મૃતિ દિનની ઉજવણી



ભાવનગર,તા.૭

બ્રહ્માકુમારીઝ ભાવનગર સેવા કેન્દ્રએ ત્રિદિવસીય ગહન યોગ તપસ્યા શિબિરનુ સમાપન, સિધુનગરમાં આવેલા મંગતરામ મેમોરિયલ હોલમાં સંપન્ન થયેલ આ પ્રસંગે શિવ અવતરણ પરમ સત્યની ગાથામાં જણાવેલ કે, જ્ઞાનના ત્રિજાનેત્રથી વિઝુલાઈઝ કરી, પવિત્રતા, આનંદ,પ્રેમ, અતિ ઈન્દ્રીય પરમ સુખ, સતયુગની અનુભૂતિ કરાવેલ, મનને સુમન બનાવવા મન મના ભવ, મનને ઈશ્વરમાં એકાગ્ર કરવા ધ્યાન કરાવેલ, અંતમાં એક્શન પ્લાન જીવન મુલ્યોથી મુલ્યવાન બનાવવા, બ્રહ્મમુહૂર્તમાં અમૃત વેળા,નિત્ય સત્સંગ, કલ્યાણ કારી દ્રષ્ટિ, જરૂરી. ઈન્દોરથી પધારેલા બ્રહ્માકુમારી પૂનમ બહેન.સી.એ જણાવેલ.

આ પ્રસંગે વિશાળ સંખ્યામા ઉપસ્થિત બ્રહ્મા વત્સોએ લાભ લીધો હતો.જીવન રીલેક્સ, એનરજેટીક બનાવવા રાજયોગ તપસ્યા કરવા જણાવેલ હતું.

બ્રહ્મા કુમારીઝ મીડીયા સંયોજક બ્રહ્માકુમાર મુકેશભાઈ જોશીએ જણાવ્યા મુજબ, સ્વરાજ્ય અધિકારી બનવા મન,બુધધિ અને સંસ્કાર ઉપર સહજ નિયંત્રણ રાજયોગ અભ્યાસથી પ્રાપ્ત થાય છે ભારતને ફરી વિશ્વ ગુરૂ બનાવવા દરેકના જીવનમાં અધ્યાત્મ જાગૃતિ અનિવાર્ય છે.દરેકને શિબિરમાં દિવ્ય અનુભૂતિ કરાવેલ હતી આ શિબિરનુ સફળ સંચાલન બ્રહ્મા કુમારી તૃપ્તિબહેન, ઉષાબહેન, રૂહાનીબહેન તથા બ્રહ્મા વત્સોની ટીમે જહેમત ઉઠાવી હતી.

# આહિર સમાજ કર્મયોગી સંગઠન દ્વારા સ્પર્ધાત્મક પરીક્ષાના તાલીમ વર્ગનો શહેરમાં થયેલો પ્રારંભ



ભાવનગર,તા.૬

ભાવનગર શહેરમાં આહિર બૉર્ડિંગ અનંતવાડી ખાતે સ્પર્ધાત્મક પરીક્ષા તાલીમ વર્ગનો પ્રારંભ કરાયો છે જેનો ઉદ્ઘાટન સમારંભ સમાજ શ્રેષ્ઠિશ્રીઓ તથા કર્મચારીઓ સાથે તાલીમાર્થી ભાઈઓ તથા બહેનોની હાજરીમાં યોજાયો જેમાં કાજલબેન ડાંગર દ્વારા ગ્રાઉન્ડ પ્રેક્ટિસ માટેની મહત્વપૂર્ણ માહિતી રજૂ કરવામાં આવી હતી, રણજીતભાઈ ચાવડા દ્વારા તાલીમ વર્ગ માટેની તમામ માહિતી પુરી પાડવામાં આવી હતી જયારે ડૉ.સુરેશભાઈ ઢીલા દ્વારા પરીક્ષાની તૈયારી કરવા માટે ઉપયોગી મોટીવેશનલ વાતો તેમજ રસપ્રદ પ્રેરક વ્યક્તિત્વની સંઘર્ષપૂર્ણ ગાથાઓ રજુ કરી હતી

આ કાર્યક્રમમાં પેથાભાઈ આહિર અને રામભાઈ સાંગાએ પોતાના વક્તવ્ય થકી તાલીમાર્થીઓને પ્રોત્સાહન પૂરુ પાડ્યુ હતુ આહિર યુવક મંડળ સુરત દ્વારા ૧,૩૫,લાખનું ડિજિટલ બોર્ડ અર્પણ કરવામાં આવ્યું હતુ સુરત આહિર સમાજના પ્રતિનિધિ તરીકે ગોપાલભાઈ ડાંગર સુરતથી કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યા હતા આ સ્પર્ધાત્મક પરીક્ષા તાલીમવર્ગ ૬ મહિના ચાલશે અને તાલીમાર્થીઓને વર્ગ ૩ની તમામ ભરતીઓ માટે જુદા જુદા આઠ વિષયોનું તજજ્ઞો દ્વારા દરરોજ બે કલાક માર્ગદર્શન પૂરું પાડવામાં આવશે સમગ્ર કાર્યક્રમનું સંચાલન લાખાભાઈ કુવાડિયા દ્વારા કરવામાં આવ્યું હતુ આ કાર્યક્રમને સફળ બનાવવા આહિર સમાજ કર્મયોગી સંગઠન ભાવનગર દ્વારા જહેમત ઉઠાવવામાં આવી હતી.

# બદલી થતા શિક્ષકને અપાઈ ભાવભેર વિદાઈ



**બોટાદ જીલ્લાના રાણપુરની મોડેલ સ્કૂલના મદદનીશ શિક્ષક તરીકે ફરજ બજાવતા ડૉ. દિનેશકુમાર ડી. પરમારની બોટાદ ખાતે ઉચ્ચ શિક્ષણ નિરીક્ષક, નોડલ અધિકારી ઉચ્ચ શિક્ષણની કચેરી બોટાદ ખાતે બઢતી સાથે બદલી થતાં તેમનો ભવ્ય વિદાય સમારોહ યોજાયો. શાળાના વિદ્યાર્થીઓએ અને સ્ટાફમિત્રોએ તેમની સાથેના સંસ્મરણો વાગોળ્યા હતા. ડૉ. ડી.ડી.પરમારને મોડલ સ્કુલના આચાર્ય કીરીટભાઈ રાઠોડ અને સ્કુલ પરીવાર દ્રારા સાકરનો પડો, શ્રીફળ, શાલ અને સ્મૃતિચિન્હ વગેરે અર્પણ કર્યા હતા. ડૉ. ડી.ડી. પરમારે પણ શાળાને સ્મૃતિચિન્હ અર્પણ કર્યું હતું.**

# સનાતન શાળાના પૂર્વ વિદ્યાર્થીઓ દ્વારા વૃક્ષારોપણ

**સનાતન હાઈસ્કૂલના ૧૯૮૦ની સાલમાં ૧૨માં ધોરણમાં સાથે ભણતા વિદ્યાર્થીઓ દેવેન શેઠ, રાજેશ શાહ, મયંક મજમુદાર, ભરત પારેખ, મકવાણા કિશોર, કીશન આસ્તિક, શોભના શાહ, પારુલ શેઠ દ્વારા સુભાષનગરમાં સંતોષ સોસાયટી પાસે ગુલમહોરના વૃક્ષનું વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું. તમામ મિત્રોએ પોતાની દોસ્તી ગુલમહોરના વૃક્ષની જેમ સદાય મહેંકતી રહે તેવી ભાવના સાથે આ વૃક્ષારોપણ કર્યું હતું.**



# બગદાણાની ઘટનામાં ન્યાયની માંગ સાથે ઉમરાળા કોળી સમાજે મામલતદારને આવેદન પાઠવ્યું





**ઉમરાળા તાલુકા કોળી સમાજ દ્વારા ઉમરાળા મામલતદારને આવેદનપત્ર સુપરત કરવામાં આવ્યું છે. આ આવેદનપત્ર બગદાણા ગામના નવનીતભાઈ પર થયેલા હુમલાના આરોપીઓ સામે કડક કાર્યવાહી અને ન્યાયની માંગ સાથે આપવામાં આવ્યું હતું.સમાજે હુમલાખોરો વિરુદ્ધ કડકમાં કડક કાર્યવાહી કરીને તેમને સજા કરવાની માંગ કરી છે. નવનીતભાઈને ન્યાય અપાવવા માટે આ મામલે યોગ્ય અને નિષ્પક્ષ તપાસ હાથ ધરવાની પણ અપીલ કરવામાં આવી છે. રજૂઆત દરમિયાન, કોળી સમાજના આગેવાનોએ સ્પષ્ટતા કરી હતી કે તેમનો વિરોધ કોઈ વ્યક્તિગત સમાજ સામે નથી. તેમની મુખ્ય માંગ ફક્ત આરોપીઓને કડક સજા થાય તે સુનિશ્ચિત કરવાની છે.**

# ભાવનગર સહીત રાજ્યના કલાકારોના મુંબઈમાં ચિત્ર પ્રદર્શનનો થયો પ્રારંભ



## ૧૧ જાન્યુઆરી સુધી ચાલનારા પ્રદર્શનનું ઉદ્ઘાટન મુંબઈના કલાકારોએ કર્યું

ભાવનગર,તા,૬

અમદાવાદની જાણીતી કલા સંસ્થા સર્કલ ઓફ આર્ટ દ્વારા મુંબઈ કાલાઘોડા ખાતે તા.૫ થી ૧૧ જાન્યુઆરી સુધી ચિત્ર પ્રદર્શનનનું આયોજન કરાયું છે. આ પ્રદર્શનમાં ગુજરાતના ભાવનગર, અમદાવાદ, વડોદરા, જામનગર, સુરેન્દ્રનગર, સિવાય મુંબઈ, લંડન અને ન્યુજર્સી જેવા શહેરોના કલાકારોના લગભગ ૬૦થી વધુ અલગ અલગ વિષયો અને માધ્યમ સાથે ચિત્રો પ્રદર્શિત થયા છે જેનું ઉદ્ઘાટન મુંબઈના જાણીતા કલાકારો દિલીપભાઈ દવે, અમાનજી તથા રોહિતભાઈ રાઠોડના હસ્તે થયું સાથે ઉપસ્થિત કલાકારોને સર્ટિફિકેટ આપી પ્રોત્સાહિત કર્યા હતા.

આ સંસ્થા અગાઉ પણ કાલાઘોડા મુંબઈ ખાતે પ્રદર્શનનું સફળતા પૂર્વક આયોજન કરેલ.એ સિવાય અમદાવાદ ખાતે પણ દર વર્ષે અલગ અલગ વિષયો સાથે જેવા કે સમગ્ર ભારત ની અલગ અલગ ચિત્ર લોક શૈલીઓ પર, રાજસ્થાનની પ્રખ્યાત ચિત્ર શૈલી પીછવાઈ તેમજ અજંતા-ઈલોરાના શિલ્પ સ્થાપત્યના ચિત્રોનું ગુફા ચિત્રો, સહીત અનેક વિષયો સાથે પ્રદર્શન કરી ચુકી છે. આ પ્રદર્શનને સફળ બનાવવા પાછળ અજય ચૌહાણ સહીત સમગ્ર ટીમએ જહેમત ઉઠાવી છે.

# શિશુવિહારમાં ૨૩મીએ યોજાશે પ્રભુકૃપા નેત્રયજ્ઞ

ભાવનગર,તા.૭

શિશુવિહાર સંસ્થા આયોજિત ૫૨૬મો નેત્રયજ્ઞ સ્વ.નાનાલાલભાઈની સ્મૃતિમા હસ્તે જયંતભાઈ વાનાણીના સહયોગથી ૨૩/૦૧ને શુક્રવારે સવારે ૯ થી ૧૧ શિશુવિહારમાં પ્રભુકૃપા નેત્રયજ્ઞ યોજાશે.

જીલ્લા અંધત્વ નિયંત્રણ સોસાયટી ભાવનગર તથા શિવાનંદ આઈ હોસ્પિટલ, વીરનગરના સહયોગથી યોજાનાર આ યજ્ઞમાં વિનામૂલ્યે આંખ તપાસ કરી જરૂરિયાતમંદને આંખના ડ્રોપ્સ અપાશે તથા મોતિયાના ઓપરશન કરી નેત્રમણી મૂકી અપાશે .જે ભાઈ બહેનોને આંખ તપાસ કરાવવી હોય તેમને સવારે ૯:૩૦ થી ૧૧કલાકે શિશુવિહારમાં આધાર કાર્ડની ઝેરોક્ષ સાથે રાખી આવી જવા શિશુવિહાર સંસ્થામાં ઉપસ્થિત રહેવા જણાવ્યું છે.


## પશ્ચિમ રેલવે – રાજકોટ ડિવિઝન

**વિદ્યુતીકૃત રેલવે ટ્રેકની આસપાસ પતંગ ચગાવવાના સંદર્ભમાં**

**સાર્વજનિક સૂચના**

આથી સામાન્ય જનતાને જાણ કરવામાં આવે છે કે વિરમગામ-સુરેન્દ્રનગર-રાજકોટ-જામનગર-ઓખા, રાજકોટ-પોરબંદર, સુરેન્દ્રનગર-ધ્રાંગધ્રા, રાજકોટ-ભક્તિનગર અને વાંકાનેર-મોરબી-માળીયા-મિયાણા રૂટ્સ પર રેલવે ટ્રેકની ઉપર ૨૫,૦૦૦-વોલ્ટની ઓવરહેડ પાવર લાઈનો નાંખવામાં આવી છે. એવું જોવામાં આવ્યું છે કે પતંગના દોરાઓ આ ૨૫,૦૦૦-વોલ્ટના વાયરોમાં ફસાઈ જાય છે. લોકો વારંવાર ફસાયેલા દોરાઓ કાઢવા માટે વાંસની લાકડીઓ અથવા ધાતુના હુક્વાળી વાંસની લાકડીઓનો ઉપયોગ કરે છે. આનાથી વીજ કરંટ લાગવાનું ગંભીર જોખમ રહેલું છે અને તે જીવલેણ બની શકે છે.

તેથી, તમામ નાગરિકોને વિનંતી કરવામાં આવે છે કે રેલવે ટ્રેક પાસે પતંગ ન ઉડાડવા અથવા રેલવેના હાઈ-વોલ્ટેજ ટ્રેક્શન વાયરોમાંથી પતંગ કાઢવાનો પ્રયત્ન ન કરવો, કારણ કે હાઈ-વોલ્ટેજ ટ્રેક્શન વાયરોમાંથી પતંગ કાઢવું જીવલેણ સાબિત થઈ શકે છે. મહેરબાની કરીને સામાજિક જવાબદારી તરીકે આ માહિતી અન્ય લોકો સાથે પણ શેર કરો.

RJT-180

અમને લાઈક કરો: facebook.com/WesternRly • અમને ફોલો કરો: x.com/WesternRly


અનુ.પાના ૮નું શરૂ...

## પાલીતાણાના શખ્સે

૬,૬૦,૦૦૦/- વ્યાજ ચુકવેલ જયારે સાંજણભાઈ ભરવાડ રહે.પાલીતાણા વાળાને ૫ વર્ષમા ૧,૨૦,૦૦૦/- વ્યાજ ચુકવેલ તેમજ ગોવિંદભાઈ બાલાભાઈ મેર રહે. પાલીતાણાવાળાને ૪ વર્ષનુ ૨,૪૦,૦૦૦/- વ્યાજ ચુકવેલ, વજાભાઈ જોગરાણા રહે. પાલીતાણા વાળાને ૩ વર્ષમાં ૯,૩૬,૦૦૦/- વ્યાજ ચુકવેલ છે, અભેસંગભાઈ ડાભી રહે. પીંગળી વાળાને ૩ વર્ષમાં ૭૨,૦૦૦/- વ્યાજ ચુકવી આપેલ, સંજયભાઈ પ્રજાપતી રહે. પાલીતાણા વાળાને ૩ વર્ષમાં ૯૦,૦૦૦/- વ્યાજ ચુકવી આપેલ, ટીણાભાઈ રાજપુતને ૩ વર્ષમાં ૯૦,૦૦૦/- વ્યાજ ચુકવી આપેલ છે. આ લોકોને આટલુ વ્યાજ ચુકવી આપેલ તેમ છતા આ તમામ મુદ્લની અવાર નવાર ફોનથી તથા રૂબરૂ પાલીતાણા ખાતે મળીન મુદલ તથા વ્યાજના રકમની ઉઘરાણી કરી રૂપિયા તો તારે આપવા જ પડશે અને ફોનમા મારી નાખવાની ધમકી તેમજ ગાળો આપતા હતા અને કુલદીપભાઈ ગોહિલ તથા અભેસંગભાઈ તથા ગોવિંદભાઈ અને સાંજણભાઈ દ્વારા રૂબરૂ મળી મારી નાખવાની ધમકીઓ આપીને બળજબરીથી ગુગલ પે માંથી તેઓના ગુગલ પે રૂપિયા ટ્રાન્સફર કરાવતા હતા જેથી આ લોકોના ત્રાસથી કંટાળીને ગઈ તારીખ ૦૧/૦૧/૨૦૨૬ ના નિલેશભાઈ પરિવાર સાથે શીહોર ખાતે તેમના સાળા પ્રયાગરાજ પ્રવિણચન્દ્ર રાણાના ઘરે આવતો રહેલ અને સાળા તથા ઘરના તમામ સભ્યોને આ બાબતે વાતચીત કરેલ ત્યારે તારીખ ૦૩/૦૧/૨૬ ના રોજ સાંજણભાઈનો બપોરે ફોન આવેલ અને ફોનમા નિલેશભાઈ પાસે વ્યાજના રૂપીયાની ઉઘરાણી કરેલ તેમજ તારીખ ૦૫/૦૧/૨૬ ના રોજ ગોવિંદભાઈ મેર દ્વારા ફોન કરી વ્યાજના તથા મુદલના રૂપિયાની પઠાણી ઉઘરાણી કરેલ આ તમામ લોકોના ત્રાસના કારણે શિહોર ખાતે સાળાના ઘરે બપોરના આશરે દોઢેક વાગ્યે ફીનાઈલ પીઈ લીધેલ આ વખતે નિકેશભાઈનો દિકરો સિધ્ધાર્થ જોઈ જતા તે સાળો પ્રયાગરાજ દ્વારા સિહોર પ્રાઈવેટ દવાખાને લઈ ગયા જયાં સારવાર શરૂ હોય જે અંગે વ્યાજખોરો વિરૂધ્ધ નિલેશભાઈએ સિહોર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસે બીએનએસની કલમ ૩૦૮-૫, ૩૫૧-૩, ૩૫૧-૪, ૩૫૨, તેમજ ગુજરાત નાણાંની ધીરધાર કરનાર બાબતની અધિનિયમ ૪૦,૪૨ મુજબ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.


**જાહેર નોટીસ**

**એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, ભાવનગર ગ્રામ્ય**

**શ્રી જહાંગીર બહાદુરભાઈ રત્નાણી**
**રહે, બાપુ મહેતાની શેરી, આંબાચોક, ભાવનગર**

**અરજી નં ૨૩૫/૨૦૨૫**
**જ.તા.૨૩/૧૨/૧૯૫૭**

**વિરુધ્ધ**

**તલાટી કમ મંત્રીશ્રી,**
**ગ્રામ પંચાયત કચેરી, મુ. ભોજપરા, તા.જી.ભાવનગર**

**વિષય :- જન્મ-મરણ નોંધણી અન્વયે જન્મની નોંધણી કરાવવા બાબત**

આથી જાહેર જનતા જોગ આ નોટીસ દ્વારા જાણ કરવામાં આવે છે કે, આ કામના અરજદાર શ્રી જહાંગીર બહાદુરભાઈ રત્નાણી રહે,બાપુ મહેતાની શેરી, આંબાચોક, ભાવનગરએ પોતાનાનો જન્મ તા.૨૩/૧૨/૧૯૫૭ના રોજ ભોજપરા મુકામે થયેલ છે.તે અન્વયે આ કામના સામાવાળા આ મતલબનો દાખલો કાઢી આપે તે મુજબની અરજી અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરથી રજુ કરેલ છે.

આ અરજી સામે જે કોઈ ઈસમ, વ્યક્તિ, સંસ્થા, બોર્ડ કે કોઈપણને વાંધો કે તકરાર હોય તેમણે આધાર-પુરાવા સાથે, જાતે અગર તેમના વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટમાં દિન-૩૦ માં કચેરીસમય દરમ્યાન રજુ કરવાનો રહેશે અન્યથા અત્રેની કોર્ટ તરફથી આગળની ધારાસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની નોંધ લેશો.

**આજ રોજ તા. ૦૬/૦૧/૨૦૨૬નાં રોજ કોર્ટનો સહી સિક્કો કરી આપ્યો.**

કોર્ટનો સિક્કો

**હુકમથી**
**(એમ.ડી.પરમાર)**
**મામલતદાર અને**
**એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ**
**ભાવનગર**



## પશ્ચિમ રેલવે – ભાવનગર ડિવિઝન

**વિવિધ એન્જીનિયરીંગ કામ**

| ક્રમ નં. | ઈ-ટેન્ડર નં. | કામનું નામ | ટેન્ડર મૂલ્ય (₹) | ઈએમડી (₹) |
|---|---|---|---|---|
| ૦૧ | ૨૪૫-૨૦૨૫-૨૬ | ભાવનગર ટર્મિનસ (BVC) - યાર્ડ રિમોડેલિંગ અને ઈન્ટરલોકિંગની સુધારણા. | ૨૪,૭૦,૩૧,૫૬૬.૨૧ | ૧૩,૮૫,૨૦૦.૦૦ |
| ૦૨ | ૨૪૬-૨૦૨૫-૨૬ | DEN/પૂર્વ અધિકારક્ષેત્ર ગ્રુપ કામ :- (૧) ભાવનગર ડિવિઝન - મુખ્ય અને મહત્વપૂર્ણ પુલો પર TRR (P) ૨૦.૮૦૮ Tkm ના મંજૂર થયેલા કામની સામે મુખ્ય અને મહત્વપૂર્ણ પુલો પર TRR (P) ૪.૯૧૮ Tkm (૨) ભાવનગર ડિવિઝન- ૨ થી ૪ ડિગ્રી વળાંક પર SWR થી LWR ના પરિવર્તનના કામમાં ધોળા-ભાવનગર અને સાબરમતી-બોટાદ સેક્શનમાં ૨ થી ૪ ડિગ્રી વળાંક પર SWR થી LWR નું પરિવર્તન (૩) બોટાદ-ધોળા સેક્શન :- બોટાદથી LC નં. ૧૬૩ સુધી (૨ કિ.મી.) થ્રુ સ્લીપર રિન્યુઅલ. | ૧,૪૭,૬૭,૧૫૭.૫૦ | ૨,૨૩,૮૦૦.૦૦ |
| ૦૩ | ૨૪૭-૨૦૨૫-૨૬ | ભાવનગર ડિવિઝન :- ઓફ-સાઈડ સ્ટેશન બિલ્ડીંગમાં P.Man માટે ગુમટીની જોગવાઈ. | ૮૨,૩૮,૪૦૦.૮૧ | ૧,૬૪,૮૦૦.૦૦ |
| ૦૪ | ૨૪૮-૨૦૨૫-૨૬ | "ભાવનગર ટર્મિનસ : ટ્રીપ ઈન્સપેક્શન શેડની રચના/વિકાસ" ના મંજૂર થયેલા કામના સંબંધમાં બ્રિજ નં. ૧૮૭ નું વિસ્તરણ. | ૭૨,૪૬,૦૫૫.૨૯ | ૧,૪૪,૯૦૦.૦૦ |
| ૦૫ | ૨૪૯-૨૦૨૫-૨૬ | ભાવનગર ડિવિઝન :- ૫૨ સ્ટેશનો ખાતે ૧૫૦ લિ. ક્ષમતાના ૫૭ વોટર કુલર્સની જોગવાઈ. | ૫૩,૬૨,૧૨૨.૩૧ | ૧,૦૭,૩૦૦.૦૦ |

**ઉપરોક્ત તમામ ટેન્ડરો માટે :- બિડિંગ પ્રારંભ થવાની તારીખ :** ૧૪-૦૧-૨૦૨૬ **અને બિડિંગ બંધ થવાની તારીખ:** ૨૮-૦૧-૨૦૨૬

**વેબસાઈટ વિગત:** www.ireps.gov.in

BVP-235

અમને લાઈક કરો: facebook.com/WesternRly • અમને ફોલો કરો: x.com/WesternRly

# નારી ગામ નજીક પોલીસ પાછળ પડતા ભાગેલી કારે ગુલાંટ મારી, અકસ્માત એટલો ભયાનક થયો કે વ્હીલ સહિતના પાર્ટ્સ છુટા પાડીને હવામાં ફંગોળાયા !






તસવીર : ધવલ વાજા

## કારે પલ્ટી ખાતા રોડ ઉપર દારૂની બોટલોની થઇ રેલમછેલ, કારમાં સવાર ચારને ગંભીર ઇજા સાથે હોસ્પિટલ ખસેડાયા

ભાવનગર,તા.૭

ભાવનગરમાં નારી ગામ નજકી રાત્રીના સુમારે પોલીસે પીછો કરતા ભાગેલા કાર ચાલકે અકસ્માત સર્જ્યો હતો. વરતેજ પોલીસે બાતમી આધારે નારી ગામ નજીક વોચ ગોઠવતા શંકાસ્પદ બલેનો કાર જોવા મળી હતી. જે કારના ડ્રાઈવરે પોલીસને જોઈ પુરપાટ ઝડપે કાર ચલાવી હતી. જેનો પોલીસે ફિલ્મી સ્ટાઈલે પીછો કરતા, બુટલેગરે પોતાની કાર રોંગ સાઈડમાં ચલાવતા સ્ટીયરીંગ ઉપરનો કાબુ ગુમાવી દેતા કાર ડિવાઈડર સાથે ધડાકાભેર અથડાતા, કાર પલ્ટી મારી ગઈ હતી જેમાં કારનો કચ્ચરઘાણ નિકળી ગયો હતો અને પાર્ટ્સ છુટા પાડીને દૂર ફંગોળાયા હતા.

ભાવનગરમાં દારૂના ધંધાર્થીઓ પાર પોલીસની ધોષ વચ્ચે પણ બુટલેગરો પ્યાસીઓની પ્યાસ બુજાવવા સક્રિય છે. જોકે, વધુ એક બુટલેગર શહેરમાં મોટી માત્રામાં વિદેશી દારૂ ઘુસાડે એ પહેલા જ વરતેજ પોલીસને બાતમી મળી જતાં પોલીસે વોચ ગોઠવી, બુટેલગરનો કિમીયો નિષ્ફળ બનાવી નાંખ્યો હતો. નારી ચોકડી પાસેથી એક શંકાસ્પદ બલેનો કારમાં બુટલેગર દારૂની હેરાફેરી કરશે તેવી પોલીસને બાતમી મળી હતી. જે બાતમી આધારે પોલીસે નારી ગામ પાસે વોચ ગોઠવી હતી. શંકાસ્પદ કાર બાતમીવાળા સ્થળેથી પસાર થતાં પોલીસે કારનો રોકવાનો પ્રયાસ કર્યો હતો પરંતુ બુટલેગરે પોલીસને જોઇ કારને પુરપાટ ઝડપે નારી ચોકડી બાજુ કારને હંકારી મુકી હતી. જે બાદ પોલીસે ફિલ્મી સ્ટાઈલે કારનો પીછો કરતા, કાર ડ્રાઈવરે રોંગ સાઈડમાં કાર હંકારતા ડિવાઈડર સાથે કારનો ધડાકાભેર અકસ્માત સર્જાતા દારૂની બોટલો રોડ ઉપર વિખેરાઇ જતાં રેલમછેલ થઇ હતી. પોલીસે ઈજાગ્રસ્ત કાર ડ્રાઈવર સહીત કર્મ સવાર ચાર લોકોને ઈજાગ્રસ્ત હાલતે સર ટી. હોસ્પિટલ ખસેડેલ જ્યારે દારૂની બોટલો ભેગી કરી, મુદ્દામાલ કબ્જે કરી આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

### કારમાંથી ૨.૬૩ લાખની કિંમતની ૧૧૩૦ બોટલ દારૂ મળી આવ્યો

#### કાર સહીત ૫.૬૨ લાખની કિંમતનો મુદ્દામાલ જપ્ત, મહિલા સહીત ચાર સામે ગુનો દાખલ

નારી નજીક રામાપીરના મંદિર પાસે અકસ્માત થયાની જાણ થતા જ પોલીસ કાફલો ઘટના સ્થળે પહોંચ્યો હતો અને તપાસ કરતા કારની બહાર તેમજ કારમાં ઈંગ્લીશ દારૂની નાની મોટી બોટલો હોય પ્રથમ ઈજાગ્રસ્તોને સારવાર માટે હોસ્પિટલ ખસેડાયેલ અને કાર સહીત દારૂનો મુદ્દામાલ કબ્જે કરેલ પોલીસે પંચોની રૂબરૂમાં મુદ્દામાલની ગણતરી કરતા અલગ અલગ બ્રાન્ડની ઈંગ્લીશ દારૂની ૧૧૩૦ બોટલો કી.રૂ.૨.૬૨ લાખ તેમજ કાર કી.રૂ. ૩ લાખ મળી કુલ રૂ. ૫.૬૨ લાખનો મુદ્દામાલ જપ્ત કરી કાર ચાલાક હરિયાણાના કમલ પંડિત, તેમજ કારમાં સવાર અજય દલબીરસિંઘ ગોરીયા રહે.જીંદ -હરિયાણા તેમજ યોગીન્દ્ર તથા રેણુબેન સામે પ્રોહી એક્ટ ૬૫-એ, ૬૫-ઈ, ૧૧૬-બી, ૯૮-૨, ૮૧,૮૩ મુજબ ગુનો નોંધી ધોરણસરની કાર્યવાહી હાથ ધરેલ છે.




### કારમાંથી બે અલગ રાજ્યની નંબર પ્લેટ મળી આવી

દારૂ ભરેલી કાર ભાવનગર તરફ આવી રહી હતી ત્યારે પોલીસે પીછો કરતા કાર પલ્ટી ગઈ હતી.અકસ્માતગ્રસ્ત કારમાંથી બે અલગ અલગ રાજ્યની નંબર પ્લેટ મળી આવી હતી. જેમાં એક હરિયાણા પાંસિંગની **HR-10-AC- 0321** અને અન્ય ગુજરાત પાંસિંગની **Gj27** નંબરની એમ બે નંબર પ્લેટ મળી આવી હતી. ત્યારે દારૂ ભરેલી કાર ભાવનગર તરફ ક્યાંથી અને કોના માટે લઈ જવાઈ રહી હતી, તેમજ કારમાં બે નંબર પ્લેટ કેમ રાખવામાં આવી હતી તે અંગે અનેક પ્રશ્નો ઉભા થયા છે. હાલ તો સમગ્ર મામલે વરતેજ પોલિસ દ્વારા તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે.

# પાલીતાણાના શખ્સે વ્યાજખોરોના ત્રાસથી ફિનાઇલ ગટગટાવી લીધુ

**માતાની સારવાર માટે વ્યાજે લીધેલા નાણાંનું વ્યાજ ચૂકવવા પણ વ્યાજે પૈસા લીધેલા, સાત શખ્સોને લાખો ચૂકવ્યા છતાં વ્યાજ સહીત મુદ્દલની ઉઘરાણીથી કંટાળી સિહોરમાં ફાઈનલ પીધી, ૭ સામે ફરિયાદ**

સિહોર,તા.૭

પાલીતાણા ખાતે રહેતા નીલેશભાઈ હીરાલાલ દેવલુક ઉ.વ-૫૩ પાલીતાણા દ્વારા સિહોર પોલીસ સ્ટેશન ફરિયાદ નોંધાવી હતી કે તા.૧૪/૦૮ ના રોજ તેમની માતાને બ્રેન સ્ટોક આવી જતા સારવાર માટે ભાવનગર દાખલ કરેલા અને આ સમયે તેમની સારવાર માટે રૂપિયાની જરૂર પડતા પાલીતાણા ખાતે ધર્મશાળા નંદપ્રભામાના મેનેજર કુલદીપભાઈ ગોહીલ તેઓને વાત કરેલ કે મારે અઢી લાખ રૂપિયાની જરૂરીયાત છે જેથી તેઓએ કહેલ કે મારી પાસે સવા બે લાખ રૂપિયા હાથ ઉપર છે હુ તમને આ રૂપિયા આપુ તેનુ તમારે મને દર મહીને ૫ ટકા લેખે વ્યાજ આપવુ પડશે તેઓની પાસેથી ૨,૨૫,૦૦૦/- પાંચ ટકા લેખે વ્યાજે લીધેલા હજી થોડા રૂપિયાની જરૂરીયાત હોય જેથી પાલીતાણા સર્વોદય સોસાયટીમાં રહેતા સાંજણભાઈ ભરવાડ પાસેથી રૂપિયા ૨૦,૦૦૦/- ૧૦ ટકા લેખે વ્યાજે લીધેલા હતા બાદ સારવાર દરમિયાન નિલેશભાઈના માતા મંજુલાબેન તા.૨૬/૦૮/૨૦૨૦ ના રોજ અવસાન બાદ કુલદીપભાઈને ૨,૨૫,૦૦૦/- દર મહિને ૫ ટકા વ્યાજ અને સાંજણભાઈ ભરવાડને દર મહિને ૧૦ ટકા વ્યાજ ચુકવતા બાદ આજથી આશરે ચારેક વર્ષ પહેલા કુલદીપભાઈ ગોહિલ તથા સાંજણભાઈ ભરવાડને વ્યાજના રૂપિયા ચડી ગયેલા હોય તે ચુકવવા નિલેશભાઈએ ગોવિંદભાઈ બાલાભાઈ મેર પાસેથી એક લાખ રૂપિયા ૫ ટકા, વજાભાઈ ભરવાડ ૨,૬૦,૦૦૦/- ૧૦ ટકા લેખે વ્યાજે લીધેલ તેમજ અભેસંગભાઈ ડાભી પાસેથી ૫૦,૦૦૦/- ૪ ટકા લેખે વ્યાજે લીધેલ તથા સંજયભાઈ પ્રજાપતિ પાસેથી રૂપિયા ૫૦,૦૦૦/- ૫ ટકા લેખે, ટીણાભાઈ રાજપુત પાસેથી રૂપિયા ૫૦,૦૦૦/- ૫ ટકા લેખે વ્યાજે લીધેલા હતા જેનું રેગ્યુલર વ્યાજ ચૂકવણી કરવામાં આવતું ત્યારે આજદીન સુધીમા કુલદીપભાઈ ગોહીલ રહે. ટોડાવાળાને ૫ વર્ષમા રૂપિયાને

અનુસંધાન ૬

# જેસરમાં સસલાનો શિકાર કરનાર શખ્સ વન વિભાગની ઝપટે ચડ્યો

જેસર,તા.૭

જેસરમાં વન વિભાગે ગેરકાયદેસર સસલાનો શિકાર કરનાર એક શખ્સને ઝડપી પાડ્યો છે. આ શખ્સ પાસેથી મૃત સસલું મળી આવ્યું હતું, જેના પગલે વન વિભાગે તેની સામે કાયદેસરની કાર્યવાહી કરી રૂ. ૧૫,૦૦૦નો દંડ વસૂલ કર્યો છે. જેસર વન્ય જીવ રેન્જની ટીમ ગઈકાલે રાત્રિના સમયે જેસર રાઉન્ડની દેપલા બીટમાં પા થી જેસર રસ્તા પર પેટ્રોલિંગ કરી રહી હતી. આ દરમિયાન તેમને જેસર ગામનો મનસુખભાઈ દેવાભાઈ ભાલીયા શંકાસ્પદ હાલતમાં જોવા મળ્યો હતો. વન વિભાગની ટીમે મનસુખભાઈની પાસે રહેલી પ્લાસ્ટિકની થેલીની તપાસ કરતા તેમાંથી એક મૃત સસલું મળી આવ્યું હતું. પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું કે આ શખ્સે સસલાનો શિકાર ખોરાક તરીકે ઉપયોગ કરવાના ઈરાદાથી કર્યો હતો.વન્યપ્રાણી સંરક્ષણ અધિનિયમ-૧૯૭૨ હેઠળ વન્યજીવનો શિકાર કરવો એ ગંભીર ગુનો છે. આથી, વન વિભાગ દ્વારા મનસુખભાઈ વિરુદ્ધ ગુનો નોંધવામાં આવ્યો હતો. વન વિભાગે રૂ. ૧૫,૦૦૦નો દંડ ફટકાર્યો હતો.




# પ્રતિબંધિત ચાઈનીઝ દોરી સાથે શામપરાથી એક શખ્સ ઝડપાયો

**ભાવનગર એસઓજીના સ્ટાફએ બાતમીના આધારે ઝડપી લીધો**

ભાવનગર,તા.૭

ભાવનગર જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા ચાઈનીઝ કે પ્લાસ્ટિકની દોરીના ઉપીયોગ પર પ્રતિબંધ મૂક્તું જાહેરનામું બહાર પડેલ અને તેનો કડક અમલ કરવા એસપીએ સૂચના આપેલ હોય જેના અનુસંધાને ભાવનગર એસઓજીના સ્ટાફને મળેલી બાતમીના આધારે સીડસરથી શામપરા ચોકડી પાસેથી એક ઈસમને પ્રતિબંધિત ચાઈનીઝ દોરી સાથે ઝડપી લઈને ધોરણસરની કાર્યવાહી હાથ ધરી હતી.




ભાવનગર એસ.ઓ.જી.ના પોલીસ ઈન્સ્પેક્ટર ડી.યુ સુનેસરાના માર્ગદર્શન હેઠળ એસ.ઓ.જી. પોલીસને મળેલ બાતમી આધારે સિદસર શામપરા ચોકડી પાસે જાહેર રોડ ઉપરથી મનીષકુમાર ઉર્ફે મુન્નો જાદવભાઇ માથાસુરીયા ઉ.વ ૫૦ રહે સિદસર ૨૫ વારીયા વાળને મોનોસ્કાય લખેલ પ્રતિબંધિત ચાઈનીઝ દોરી/પ્લાસ્ટીક દોરી નંગ-૦૧ જેની કિ.રૂ ૩૦૦/-સાથે ઝડપી પાડી ઈસમ વિરૂધ્ધ કલેકટર અને જીલ્લા મેજીસ્ટ્રેટ, ભાવનગરના જાહેરનામાં અન્વયે કાયદેસરની કાર્યવાહી કરી, એસ.ઓ.જી.ના પોલીસ હેડ કોન્સ. રાજેન્દ્રસિંહ બાપાલાલ ગોહિલે સરકાર તરફે ફરિયાદ આપી વરતેજ પોલીસ સ્ટેશન ખાતે ગુન્હાઓ રજીસ્ટર કરાવેલ છે.

# ટેન્કર તળે કચડાતા શ્રમિક યુવાનનું ઘટનાસ્થળે મોત

**લારી લઈ પસાર થઈ રહેલા યુવાનને ટક્કર મારતા સર્જાઈ કરુણાંતિકા, ઘટનાસ્થળે ટોળા ઉમટ્યાં**




તસવીર : ધવલ વાજા

ભાવનગર,તા.૭

ભાવનગર શહેરના વાલકેટ ગેટ વિસ્તારમાં રહેતો અને લારી ચલાવી મજુરી કામ કરતો યુવાન રેલ્વે સ્ટેશન વિસ્તારમાં ટેન્કર તળે કચડાતાં યુવાનનું ઘટના સ્થળેકમકમાટી ભર્યુ મોત થયું હતું. બનાવની જાણ થતાં ગંગાજળિયા પોલીસ સ્થળ પર પહોંચી તપાસ હાથ ધરી હતી. આ બનાવથી ભારે કમકમાટી સાથે શોક વ્યાપી ગયો હતો.

પ્રાપ્ત વિગતો અનુસાર ભાવનગર શહેરના વાલકેટ ગેટ ઠાકર દ્વારા પાસે રહેતો અને દાણાપીઠમાં હાથ લારી ચલાવી મજૂરી કરી પરિવારનું ભરણ પોષણ કરતો નરેશ શાંતિલાલ મકવાણા (૪૦ વર્ષ) બપોરના સમયે પોતાની લારી લઈને દાણાપીઠ વિસ્તારમાં રોડ પરથી પસાર થઈ રહ્યો હતો ત્યારે ટેન્કર નંબર જીજે ૦૪ટ ૭૭૨૨ ના ચાલકે લારી લઈને જઈ રહેલા યુવાનને અડફેટે લેતા યુવાન ટેન્કરના વ્હીલ તળે કચડાઈ જતા યુવાનનું ઘટના સ્થળે કરુણ મોત થયું હતું.બનાવની જાણ થતા સી ડિવિઝન પોલીસને થતા પોલીસ કાફલો ઘટના સ્થળે દોડી આવ્યો હતો અને યુવાનના મૃતદેહને કબ્જે કરી લાશનું પંચનામું કરી મૃતદેહને પીએમ માટે સર્ટી હોસ્પિટલમાં મોકલી ટેન્કર ચાલકને નજરકેદ કરી વધુ તપાસ હાથ ધરી હતી.

## આંતર કોર્પોરેશન ક્રિકેટ ટુર્નામિન્ટમાં

# પ્રથમ દિવસે મેચ રમ્યા વગર ભાવનગરની ટીમ વિજેતા !

ભાવનગર,તા.૭

ભાવનગર મહાનગરપાલિકા દ્વારા આયોજીત "ઓલ ગુજરાત ઈન્ટર કોર્પોરેશન ક્રિકેટ ટુર્નામિન્ટ" નો ગઈકાલથી પ્રારંભ થયો છે. જેમાં પ્રથમ દિવસે ચાર મેચ રમાઈ હતી. મેયર ઈલેવનની ટીમમાં રાજકોટની ટીમ ગેરહાજર રહેતા ભાવનગરની ટીમ વિજેતા જાહેર થઈ હતી.




તસવીર : ધવલ વાજા

પ્રથમ મેચમાં જામનગર મેયર ઈલેવન દ્દજ વડોદરા મેયર ઈલેવન ઉતારી હતી. જેમાં વડોદરા મેયર દ્વારા ટોસ જીતી પ્રથમ બેટિંગ કરવામાં આવ્યું હતુ. ૨૦ ઓવરમાં ૧૨૭ રન પૂર્ણ કર્યા હતા. જ્યારે બીજા બેટિંગમાં, જામનગર મેયર ટીમ દ્વારા ૧૪.૩ ઓવરમાં ૧૨૮ રન બનાવી જીત હાંસલ કરી હતી. જામનગર ઈલેવનમાં મુખ્યત્વે ૫૦ રન શ્રીકેતન નાખવા દ્વારા કરવામાં આવ્યા હતાં.

જ્યારે બીજી મેચમાં રાજકોટ કમિશનરની ટીમ દ્દજ જુનાગઢ કમિશનરની ટીમ દ્વારા મેચ રમવામાં આવી હતી. જેમાં રાજકોટ કમિશનર ઈલેવન દ્વારા ૨૦ ઓવરમાં ૨૨૮ રન કરવામાં આવ્યા હતા. જ્યારે જૂનાગઢની ટીમ ૧૦૬ રન ૯ વિકેટએ કરેલ પરિણામે રાજકોટ કમિશનર ટીમે મોટી લીડથી જીત હાંસલ કરી હતી. ત્રીજી મેચ અમદાવાદ મેયર ઈલેવન દ્દજ સુરત મેયર ઈલેવન ભરૂચા કલબમાં રમાઈ હતી. ચોથી મેચ ભાવનગર અને રાજકોટ મેયર ઈલેવન રમાનાર હતી, પરંતુ રાજકોટની ટીમ ગેરહાજર રહેતા ભાવનગરની ટીમ વગર રમે વિજેતા જાહેર થઈ હતી.!

